અપીલ અરજી નં.૨૬૧ તા.૧૧–૧૧–૦૯/૧૦

અરજદારઃ– શ્રી રાવળ નિલેશકુમાર પ્રધુમ્નભાઈ

સામાવાળાઃ– ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી રાવળ નિલેશકુમાર પ્રધુમ્નભાઈની તા.૮–૧૦–૦૯ ની અરજીથી તા.૬–૪–૧૯૯૦ થી નિમણુંક થયેલ (૧) જે મુજબ ૧૦ વર્ષે કારકુન કેડરમાં ઉચ્ચતર પગાર આપવાનો થાય તે મને કયા કારણોસર આપવામાં ન આવેલ હોય. (૨) તા.૮–૭–૦૫ ના રોજ સામાન્ય સભાના ઠરાવ નં.૧૫૦ તા.૩૧–૩–૨૦૦૦ મુજબ તા.૮–૭–૦૫ થી મારી નિમણુંક નિયમિત કરવા છતાં પણ મને ઉચ્ચતર પગારનો લાભ કયા કારણોસર અટકાવવામાં આવેલ હોય તેની નકલ મેળવવા બાબત. (૩) નં.જીએડી/ઈએસટી/૮૯૭ તા.૬–૬–૦૭ નાં રોજ મને મારી નિમણુંક પર પુનઃ સ્થાપિત કરેલ છે. તેમ છતાં પણ બનેલી ઘટના તા.૨૩–૭–૦૫ જે મારી નોકરીના ૧૫ વર્ષ બાદ થયેલ છે. તેથી તે અગાઉના લાભ મને કયા કારણોસર કઈ જોગવાઈ હેઠળ આપવામાં આવેલ નથી તેની નકલ સહિતની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૧૧–૧૧–૦૯ ની અપીલ અરજી નં.૨૬૧/૨૦૦૯–૧૦

શ્રી રાવળ નિલેશકુમાર પ્રધુમ્નભાઈની તા.૮–૧૦–૦૯ ની અરજીથી તા.૬–૪–૧૯૯૦ થી નિમણુંક થયેલ (૧) જે મુજબ ૧૦ વર્ષે કારકુન કેડરમાં ઉચ્ચતર પગાર આપવાનો થાય તે મને કયા કારણોસર આપવામાં ન આવેલ હોય. (૨) તા.૮–૭–૦૫ ના રોજ સામાન્ય સભાના ઠરાવ નં.૧૫૦ તા.૩૧–૩–૨૦૦૦ મુજબ તા.૮–૭–૦૫ થી મારી નિમણુંક નિયમિત કરવા છતાં પણ મને ઉચ્ચતર પગારનો લાભ કયા કારણોસર અટકાવવામાં આવેલ હોય તેની નકલ મેળવવા બાબત. (૩) નં.જીએડી/ઈએસટી/૮૯૭ તા.૬–૬–૦૭ નાં રોજ મને મારી નિમણુંક પર પુનઃ સ્થાપિત કરેલ છે. તેમ છતાં પણ બનેલી ઘટના તા.૨૩–૭–૦૫ જે મારી નોકરીના ૧૫ વર્ષ બાદ થયેલ છે. તેથી તે અગાઉના લાભ મને કયા કારણોસર કઈ જોગવાઈ હેઠળ આપવામાં આવેલ નથી તેની નકલ સહિતની માહિતી આપવા બાબતે ડે.કમિશ્નર (પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમના પત્ર નં.જીએડી/ઈએસટી/૨૩૭૩ તા.૪–૧૧–૦૯ થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૧–૧૧–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૯૦૭ તા.૧૮–૧૧–૦૯ થી ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) તથા અરજદારને અપીલ અરજીમાં કઈ જોગવાઈ અને નિયમની માહિતી માંગેલ અંગે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી જાવક નં.જીએડી/ઈએસટી/૨૬૪૪ તા.૨૩–૧૧–૦૯ ના રોજ અત્રેના વિભાગને પૂરક માહિતી મળેલ છે. જેમાં અરજદારની મુળ અરજીની નકલ, અરજી ફી ભર્યાની વિગત, નોંધ વિભાગ, તા.૨૮–૫–૯૦ નં.જીએડી/ઈએસટી/૩૬ થી આપેલ મેમોની નકલ, નં.જીએડી/ઈએસટી/૯૫૧ તા.૮–૭–૦૫ ના હુકમની નકલ, નં.જીએડી/ઈએસટી/૮૯૭ તા.૬–૬–૦૭ કચેરી હુકમની નકલ, નં.જીએડી/ઈએસટી/૪૩૩૭ તા.૨૦–૨–૦૮ ના પત્રની નકલ, નં.જીએડી/ઈએસટી/૨૩૭૩ તા.૪–૧૧–૦૯ ના પત્રની નકલ અત્રે પૂરક વિગતોમાં રજૂ કરેલ છે.

અરજદારની તા.૮–૧૦–૦૯ ની અરજીથી ઉપરોકત વિષય અને સંદર્ભમાં જણાવેલ વિગતે માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને જણાવેલ કે આપની સામે એસીબી પોલીસ સ્ટેશન ગુ.રા.નં.૧૬/૨૦૦૫ થી દાખલ થયેલ ગુના સંદર્ભે સુરતની વિશેષ અદાલતમાં સ્પે.(કરપ્શન) કેસ નં.૬/૨૦૦૬ હાલ ન્યાય નિર્ણય માટે પડતર હોય હાલમાં નિયમોનુસાર ઉચ્ચતર પગાર ધોરણ આપી શકાય તેમ નથી તેવું જણાવવામાં આવેલ છે. જેના સંદર્ભે અરજદારે તા.૧૧–૧૧–૦૯ ના રોજ અપીલ અરજી કરી બીસીએસઆર અને જીસીએસઆરના નિયમો મુજબ કોઈ પણ કર્મચારીને શિક્ષા વગર ઈન્ક્રીમેન્ટ કે ઉચ્ચતર પગાર ધોરણ અટકાવી શકાય નહીં તો પ્રસ્તુત કેસમાં અટકાવવામાં આવેલ તેની માહિતી તથા સદર કેસમાં અગાઉના આધારે નહી થયેલ કાર્યવાહીની માહિતી આપેલ નથી. તેવું જણાવી અપીલ અરજી કરેલ છે.અરજદારને તા.૮–૭–૦૫ ના નં.જીએડી/ઈએસટી/૯૫૧ ના હુકમથી આશ્રિત તરીકેની પ્રોવિઝનલ નિમણુંકની તા.૬–૪–૯૦ થી નિયમતિ કરવાના નિર્ણય લીધેલ હોય તેઓને ૧૦ વર્ષ પુરા થયેથી ઉચ્ચતર પગાર ધોરણના હકદાર બને છે તેવું જણાવી જે અંગે ઉચ્ચતર પગાર ધોરણ કયા કારણસર કઈ જોગવાઈ હેઠળ મંજુર થયેલ નથી તેની માહિતી માંગેલ. જયારે તેમને તા.૨૩–૭–૦૫ ના રોજ બનેલી ઘટનાના કારણે સસ્પેન્ડ કરવામાં આવેલ. જે તા.૬–૬–૦૭ ના રોજ નં.જીએડી/ઈએસટી/૮૯૭ થી પુનઃ સ્થાપિત કરેલ છે. ત્યાર બાદ અરજદારે પુનઃ ઉચ્ચતર પગાર ધોરણના લાભ અટકાવવા અંગે રજૂઆત કરેલ છે. આ અરજદારને તેમના ફરજ મૌકુફ હેઠળ પહેલાના તેમજ ફરજ મૌકુફ બાદ પુનઃ સ્થાપિત પછી પણ ઉચ્ચતર પગાર ધોરણના લાભ અટકાવવા અંગેની માહિતી માંગેલ છે અને હાલમાં ૧૫ વર્ષ બાદ પણ લાભ મળેલ નથી તો તે અંગે કઈ જોગવાઈ હેઠળ આપવામાં આવેલ નથી તેની માહિતીની માંગણી કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી નં.જીએડી/ઈએસટી/૨૩૭૩ તા.૪–૧૧–૦૯ ના રોજ આપેલ માહિતીમાં

એસીબી પોલીસ સ્ટેશનમાં ગુ.રા.નં.૧૬/૨૦૦૫ થી દાખલ થયેલ ગુના સંદર્ભે સુરતની વિશેષ અદાલતમાં સ્પે.(કરપ્શન) કેસ નં.૬/૨૦૦૬ હાલ ન્યાય નિર્ણય માટે પડતર હોય હાલમાં નિયમોનુસાર ઉચ્ચતર પગાર ધોરણ આપી શકાય તેમ નથી તેવું જણાવવામાં આવેલ છે.અરજદારે અરજીમાં કયા કારણોસર અટકાવવામાં આવેલ તેની માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ છે. પરંતુ કઈ જોગવાઈ હેઠળ તથા બનેલ ઘટના અગાઉની પાત્રતા અને લાભ કઈ જોગવાઈ હેઠળ અટકાવેલ છે તેનીમાહિતી આપેલ નથી તેવી રજૂઆત અપીલ તબકકે કરવામાં આવેલ છે. વધુમાં અપીલ તબકકે વધારાની એ પણ રજૂઆત કરેલ છે કે કર્મચારીને શિક્ષાના હુકમ વિના ઈન્ક્રીમેન્ટ કે ઉચ્ચતર પગાર ધોરણ અટકાવી શકાય નહી તેથી તેની માહિતી માંગેલ છે તેવી રજૂઆત કરેલ છે. અરજદારની આ રજૂઆત તકરાર નિવારણને સ્પર્શતી છે. પરંતુ "કઈ જોગવાઈ હેઠળ" ની માહિતી તેમને મળેલ નથી તે સ્પષ્ટ થાય છે.

કાયદાની કલમ–૪(૧) સી અને ડી ની જોગવાઈ હેઠળ પણ અસરકર્તા વ્યકિતને વહીવટી કે અર્ધન્યાયિક નિર્ણયોની જાણ કરવાનું ઉત્તરદાયિત્વ લાદવામાં આવેલ છે. કાયદાના આમુખથી ચરિતાર્થ થયેલ પારદર્શિતા અને જવાબદારીના હેતુને લક્ષમાં લેતાં પણ નિર્ણય માટેની જોગવાઈ જણાવવી આવશ્યક થઈ પડે છે. જાહેર માહિતી અધિકારીએ પૂરક વિગતોમાં મુળ અરજીથી અલગ પ્રકારની માહિતીનો ઉલલેખ કરેલ છે. અને અરજદારને મુળ અરજીના સંદર્ભમાં માહિતી પૂરી પાડવામાં આવેલ છે એવું જણાવવામાં આવેલ છે અને અપીલની અનુસંધાનેની વિગત વહીવટી બાબત હોઈ અરજદાર ખાતાકીય કાર્યવાહીથી આ પ્રકારની રજૂઆત કરી શકે છે તેવું જણાવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૮–૧૦–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી "કઈ જોગવાઈ હેઠળ આપવામાં આવેલ નથી." તેની માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૨ – ૦૯

ડે.**કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧) ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી રાવળ નિલેશકુમાર પ્રધુમ્નભાઈ